સાબરકાંઠા જિલ્લામાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

સમગ્ર રાજયમાં આજથી તા. ૮ જૂન ૨૦૧૭થી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં હિંમતનગર તાલુકામાં ૧૮૮૮ કુમાર અને કન્યા ૧૭૪૫ મળી કુલ ૩૬૩૩ બાળકોજયારેઈડરમાં ૧૫૧૪ કુમાર, કન્યા ૧૩૭૦ મળી કુલ ૨૮૮૪, ખેડબ્રહ્મામાં ૧૩૯૫ કુમાર અને કન્યા ૧૪૬૮ મળી કુલ ૨૮૬૩, પોશીનામાં ૧૩૯૬ કુમાર અનેકન્યા ૧૩૯૮ મળી કુલ ૨૭૯૪, પ્રાંતિજમાં ૯૫૮ કુમાર અને કન્યા ૮૯૭ મળી કુલ ૧૮૫૫, તલોદમાં ૯૮૨ કુમાર, કન્યા ૯૬૧ મળી કુલ ૧૯૪૩, વડાલીમાં ૫૫૭ કુમાર, કન્યા ૫૧૦ મળી કુલ ૧૦૬૭, વિજયનગર તાલુકામાં ૭૧૮ કુમાર, કન્યા ૭૪૬ મળી કુલ ૧૪૬૪ મળી જિલ્લામાં કુલ ૯૪૦૮ કુમાર અને ૯૦૯૫ કન્યાઓ મળી કુલ ૧૮૫૦૩ બાળકોને પ્રવેશ આપવામાં આવશે.

મહેસાણામાં જડબેસલાક બંધ, અજંપાભરી શાંતિ

મહેસાણા, તા. ૭

મહેસાણા તાલુકાના બલોલ ગામના કાચા કામના કેદી એવા કેતન મહેન્દ્રભાઈ પટેલના મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયેલ મોતના બનાવમાં પોલીસ સામે કાયદેસરની કાર્યવાહીની માંગને પગલે આજે મહેસાણા બંધના અપાયેલ એલાન મુજબ શહેરમાં બંધ પળાયો હતો. બંધને લઈને સમગ્ર શહેર સહિત જિલ્લાભરના શહેરો નગરોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મહેસાણા બંધને લીધે તકેદારીના ભાગરૂપે મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા રાધનપુર ચોકડી તેમજ મોઢેરા ચોકડી ઉપરાંત બેચરાજી તરફના રૂટો પરનો બસ વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. બંધને પગલે શહેરમાં અજંપાભરી સ્થિતિ પેદા થઈ હતી. જો કે ચુસ્ત પોલીસ બંદોબસ્તને કારણે શહેર સહિત જિલ્લાભરમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. પરંતુ બપોરના સમયે મહેસાણા નગરપાલિકા કચેરી પર કોઈ અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. જેમાં કચેરીના રોડ સાઈડના કાચ તુટી ગયા હતા.

દરમિયાન આજે સવારે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં મૃતક પાટીદાર યુવાનના મૃતદેહનુ પેનલ તબીબો દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ. જેનો સાંજ સુધીમાં રીપોર્ટ આવ્યા બાદ જવાબદારો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે તો જ મૃતદેહને સ્વીકારવામાં આવશે તેવી માગણીને લઈને હાલ સિવિલ હોસ્પિટલના કોલ્ડરૂમમાં મૃતદેહ રાખવામાં આવ્યો છે.

પાટીદાર યુવાનના મોતને પગલે રાજકારણ પણ ગરમાયુ છે. આવતીકાલે એસ.પી.જી. ગુજરાત મહિલા પાંખ દ્વારા અમદાવાદના પાટીદાર ભાઈ બહેનો કલેક્ટરને આવેદનપત્ર પાઠવશે તેમજ યુવક કોંગ્રેસ દ્વારા પણ મોઢેરા સર્કલ પાસે સવારે ધરણાનુ આયોજન કરેલ હોવાનુ જાણવા મળેલ છે.

ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ

ભિલોડા,તા.૭

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં વિદ્યાર્થીઓ ધ્વારા ૫ મી જુને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી યોજાઈ હતી. વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આગામી ચોમાસા દરમ્યાન વધુમાં વધુ વાવવા સંદર્ભે ભાર મુંકવામાં આવ્યો હતો. આચાર્ય રમણભાઈ પટેલ, એન.એસ.એસ. સ્વયંસેવકો ધ્વારા પર્યાવરણ વિશે જાગૃતિ સંદર્ભે સુચનો કરાયા હતા. સુપરવાઈઝર બી.એલ. પટેલએ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મુકેશભાઈ પટેલએ કર્યું હતું.

મોડાસા બસસ્ટેન્ડ પાછળ પુનઃ માથુ ઉચકતી ટ્રાફિક સમસ્યાથી રાહદારીઓ પરેશાન

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળ અને લીઓ પોલીસ ચોકી નજીકના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાએ પુનઃ માથુ ઉચકતા દિવસ દરમ્યાન અનેક વખત ટ્રાફિકજામ ૧ કલાક સુધી જામ રહેતા રાહદારીઓ અને વાહનચાલકોની પેરશાની વધી છે. બસસ્ટેન્ડ પાછળ મોટાભાગની જાણીતી ખાનગી હોસ્પિટલો આવેલી હોવાથી ઈમરજન્સી સારવાર માટેની ૧૦૮ એમ્બ્યુલન્સ પણ અનેકવાર ટ્રાફિકમાં ફસડાઈ પડે છે. ૧૦૦ મીટરના અંતરે લીઓ પોલીસ ચોકી હોવા છતાં ટ્રાફિક સમસ્યાનુ સમાધાનન ન થતા લોકોમાં આક્રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર દિવસ દરમાયાન અનેક વખત ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. ખાસ કરીને મોડાસા બસસ્ટેન્ડ પાછળથી જુની જિલ્લા કલેક્ટર કચેરી સુધી તો ટ્રાફિકજામથી રાહદારીઓ અને વાહનચાલકો સહિત આજુબાજુની સોસાયટીના રહીશો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા બસસ્ટેન્ડ પાછળ ૧૦ થી વધુ ખાનગી હોસ્પિટલો આવેલી હોવાથી દર્દીઓને સારવાર અર્થે લાવતી અને લઈ જતી વાહન વ્યવસ્થાથી સતત ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર દિવસ દરમ્યાન અનેક વખત ચક્કાજામ થઈ જાય છે. નાના-મોટા વાહનચાલકો સામસામે ભીડાય જાય છે અને વાહનોના હોર્નથી માર્ગો ગુંજી ઉઠે છે. અમુક સમયે તો ચાલીને જતા રાહદારીઓને ચાલવાની પણ જગ્યા ન મળે તેવી રીતે વાહનોના થપ્પા લાગી જાય છે. જો આવા સમયે ઈમરજન્સી દર્દીને લઈ જતી કોઈ એમ્બ્યુલન્સ કે ૧૦૮ જેવા ઈમરજન્સી વાહનો નીકળે તો આગળ પણ ન જઈ શકે અને પાછળ પણ ન લઈ શકે તેવી રીતે ટ્રાફીક જામ થઈ જાય છે. બસસ્ટેન્ડ પાછળના વિસ્તારના માર્ગ પર ટુ વ્હિલર વાળા અને મોટા વાહનચાલકો માર્ગની વચ્ચે મુકીને જતા રહે તો દયનીય હાલત થઈ જાય છે. બસસ્ટેન્ડ પાછળથી જો મોટા મોટા બે વાહનો આમને-સામને આવી જાય તો વાહનોની કતાર જામી જાય છે.

બુધવારે બપોરે બસસ્ટેન્ડ પાછળ જામેલા ટ્રાફિકમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા ફસડાઈ જતા અફડાતફડી મચી ગઈ હતી. ઈમરજન્સી સારવાર માટે વપરાતી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં રહેલા દર્દીઓના જીવ જોખમમાં મુકાય છે. મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલી લીઓ પોલીસ ચોકીમાં ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ અને પોલીસ ચોકી અને ટી.આર.બી. જવાનો શોભાના ગાંઠીયા બની જતા વારંવાર ટ્રાફિક જામના દશ્યો જોવા મળે છે. મોડાસા બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં નગરપાલિકાતંત્ર અને મોડાસા પોલીસતંત્ર અને ટ્રાફિક પોલીસ સાથે મળી કાયમી નિવારણ લાવે અથવા ટ્રાફિક જામ સર્જનાર વાહનચાલકો સામે કડક અમલવારી કરાવે તે તાતી જરૂરીયાત છે.

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં વિદ્યાર્થીઓ ધ્વારા ૫ મી જુને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી યોજાઈ હતી. વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આગામી ચોમાસા દરમ્યાન વધુમાં વધુ વાવવા સંદર્ભે ભાર મુંકવામાં આવ્યો હતો. આચાર્ય રમણભાઈ પટેલ, એન.એસ.એસ. સ્વયંસેવકો ધ્વારા પર્યાવરણ વિશે જાગૃતિ સંદર્ભે સુચનો કરાયા હતા. સુપરવાઈઝર બી.એલ. પટેલએ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મુકેશભાઈ પટેલએ કર્યું હતું.

ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ

ભિલોડા,તા.૭

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરમાં વિદ્યાર્થીઓ ધ્વારા ૫ મી જુને વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી યોજાઈ હતી. વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આગામી ચોમાસા દરમ્યાન વધુમાં વધુ વાવવા સંદર્ભે ભાર મુંકવામાં આવ્યો હતો. આચાર્ય રમણભાઈ પટેલ, એન.એસ.એસ. સ્વયંસેવકો ધ્વારા પર્યાવરણ વિશે જાગૃતિ સંદર્ભે સુચનો કરાયા હતા. સુપરવાઈઝર બી.એલ. પટેલએ પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મુકેશભાઈ પટેલએ કર્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં આજથી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

સમગ્ર રાજયમાં આજથી તા. ૮ જૂન ૨૦૧૭થી ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં હિંમતનગર તાલુકામાં ૧૮૮૮ કુમાર અને કન્યા ૧૭૪૫ મળી કુલ ૩૬૩૩ બાળકોજયારેઈડરમાં ૧૫૧૪ કુમાર, કન્યા ૧૩૭૦ મળી કુલ ૨૮૮૪, ખેડબ્રહ્મામાં ૧૩૯૫ કુમાર અને કન્યા ૧૪૬૮ મળી કુલ ૨૮૬૩, પોશીનામાં ૧૩૯૬ કુમાર અનેકન્યા ૧૩૯૮ મળી કુલ ૨૭૯૪, પ્રાંતિજમાં ૯૫૮ કુમાર અને કન્યા ૮૯૭ મળી કુલ ૧૮૫૫, તલોદમાં ૯૮૨ કુમાર, કન્યા ૯૬૧ મળી કુલ ૧૯૪૩, વડાલીમાં ૫૫૭ કુમાર, કન્યા ૫૧૦ મળી કુલ ૧૦૬૭, વિજયનગર તાલુકામાં ૭૧૮ કુમાર, કન્યા ૭૪૬ મળી કુલ ૧૪૬૪ મળી જિલ્લામાં કુલ ૯૪૦૮ કુમાર અને ૯૦૯૫ કન્યાઓ મળી કુલ ૧૮૫૦૩ બાળકોને પ્રવેશ આપવામાં આવશે.

ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી

ભિલોડા,તા.૬

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મશતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે ભાજપ ધ્વારા ગરીબ કલ્યાણ વર્ષ તરીકે ઉજવણી સંદર્ભે હોદેદારો, કાર્યકરો, બુથ વિસ્તારકો ઘર ઘર સુધી પહોંચ્યા હતા. છેવાડાના માનવીના ઉત્થાન માટે જીવન ખપાવી દેનાર અને એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી ભાજપ ધ્વારા ગરીબ કલ્યાણ વર્ષતરીકેકરવામાંઆવી રહી છે. ગરીબ કલ્યાણ વર્ષમાંભાજપ ધ્વારા સરકારની પ્રજાલક્ષી અને ગરીબલક્ષી યોજનાઓ જનજન સુધી પહોંચડવા માટે ઠેર-ઠેર બુથો ઉપર વિસ્તારકો ઘર ઘર સુધી પહોંચી લોક સંપર્ક કરી રહ્યા છે.

મેઘરજ તાલુકાના વાંકાખાડા પાસે સફારી ગાડીનુ ટાયર ફાટતા ૧નું મોત

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં અકસ્માતોના પ્રમાણમાં દિનપ્રતિદિન વધારો થતો જોવા મળે છે. ત્યારે સોમવારના રોજ પંચાલ નજીક વાંખાખાડા ગામ પાસે સાંજે ચારેક વાગ્યાના અરસામાં રેલ્લાવાડા બાજુથી આવતી સફારી ગાડીનુ ટાયર ફાટતાં ગાડી પલ્ટી મારતા એકનું મોત અને એકને ઈજા થવા પામી છે.

ધોળેશ્વર ગામના બંસી શંકર બોદર ઉં.વ. ૨૨ સોમવારના રોજ સવારે તેની પત્નિ સાથે પોતાના સાળાનુ લગ્ન હોઈ વાઘમહુડી ગામ ગયા હતા. ત્યાંથી બપોરે બે વાગ્યાની આસપાસ બંસી બાદર વાઘમહુડીથી પંચાલ ગામે તેના સાળાની જાનમાં ગયા હતા. ત્યારબાદ બંસી અને તેનો સાથી મિત્ર બંને ટાટા સફારી કાર લઈને કોઈ કામ અર્થે રેલ્લાવાડા બાજુથી પરત આવી રહ્યા હતા તે દરમ્યાન વાંકાખાડા નજીક ટાટા સફારી ગાડીનું આગળનુ ટાયર ફાટતા કાર રોડ સાઈડ પલ્ટી મારી જતા અંદર બેસેલ ચાલક સહિત બે ઈસમોને ઈજાઓ થઈ હતી. જેમાંથી બંસી શંકર બોદર રહે. ધોળેશ્વર ઉં.વ. ૨૨ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યુ હતુ. આ અકસ્માત અંગે મૃતકના પિતા શંકર સોમો બોદરે ઈસરી પોલીસમથકે ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે ટાટા સફારી કાર નં. જીજે-૧.એચએમ.૩૩૭૭ના ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

રાષ્ટ્રપતિની ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે ૧૦ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન માટેનો સમય નક્કી કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, કોઈપણ રાજકીય પક્ષ પોતાના સંસદ સભ્યો અથવા તો ધારાસભ્યોને કોઈપણ પ્રકારના આદેશ જારી કરી શકે નહીં. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ખાસ ચૂંટણી પેનનો ઉપયોગ કરવામાં આવશે. બીજા પેનનો ઉપયોગ કરવાની સ્થિતિમાં મતને ગેરકાયદે ગણવામાં આવશે.

દર યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો હતો. એક બાજુ એમએસએફના રેટ અને બેંક રેટને યથાવત ૬.૫૦ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યો હતો. કારોબારીઓ પહેલાથી જ આ અંગે દાવો કરી રહ્યા હતા. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિ દ્વારા આજે બે દિવસની બેઠક બાદ મુંબઈમાં વર્ષ ૨૦૧૭-૧૮ માટે બીજી દ્વિમાસિક નાણાંકીય પોલિસી સમીક્ષા જારી કરી હતી. બેઠકમાં રેપોરેટ યથાવત ૬.૨૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. રિવર્સ રેપોરેટ છ ટકા દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ આર્થિક વિકાસનો અંદાજ અગાઉ ૭.૪ ટકાથી ઘટાડીને વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૭.૩ ટકા કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક આગામી સપ્તાહમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવાના આંકડામાં અભ્યાસ કરશે. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં ફુગાવો ૨.૯૯ ટકા રહ્યો હતો. ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો નોંધાયો હતો. બીજી બાજુ હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો એપ્રિલ મહિનામાં ૩.૮૫ ટકાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. કારણ કે ફુડ આર્ટીકલ્સ અને મેન્યુફેક્ચર્ડ વસ્તુઓની કિંમતમાં સ્થિર સપાટી જોવા મળી હતી.

પ્રવેશોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવેશોત્સવમાં આંગણવાડીના બાળકોને રમકડાઓ ઉપરાંત ચિત્રપોથી જેવા પુસ્તકો પણ મહિલા-બાળ વિકાસ વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવનાર છે.

જિલ્લામાં પ્રવેશોત્સવ માટે ૬૪૩ રૂટ નિયત કરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગે આ અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. જિલ્લાના ૪૦ અધિકારીઓ પણ પ્રવેશોત્સવમાં જોડાવાના છે. નિવૃત્ત શિક્ષકોને પણ પ્રવેશોત્સવમાં સામેલ કરવા માટેની વિસેષ સૂચનાઓ સરકારે આપી છે.

જિલ્લામાં ૧૨ હજાર જેટલા બાળકો પ્રવેશપાત્ર છે. માણસા-કલોલમાં કન્યાઓ પ્રવેશપાત્ર વધુ છે.

દર્દી દાઝી ગઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલે દર્દીનો જીવ પણ બચી ગયો અને મોટી દુર્ઘટના સર્જાતા પણ રહી ગઈ તેમ કહી શકાય. આ ઘટનાને પગલે હોસ્પિટલના સત્તાધિશો પણ દોડી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ દિવસથી આઈસીયુ વિભાગમાં હદય સબંધિત બિમારીના કારણે તલોદ તાલુકાના તાજપુરકુઈ ગામની મહિલા આનંદીબેન રાવળ ઉ.૪૦ ને દાખલ કરવામાં આવ્યા છે. મહિલા આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ છે પરંતુ પરિવારજનોને ચેઈન ન પડતા કોઈક ભુવાની વ્હારે ગયા હતા. જેથી ભુવાએ નડતર છે બધુ ઠીક થઈ જશે, મહિલા દર્દીના માથા પર અગરબત્તી ફેરવી દેજો, તેમ કહેતા દર્દીના સ્નેહીજને ભુવાની આજ્ઞાનું પાલન કરવા આઈસીયુ વોર્ડમાં આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં મહિલા પાસે અગરબતી સળગાવતા અચાનક મહિલાના મોં પર ઓકસીજન લગાવેલ હોવાથી આગ પકડી લીધી હતી. આઈસીયુ વોર્ડમાં તો આવી બધી ચીજવસ્તુઓ પર પ્રતિબંધ લગાવેલો છે. પરંતુ આ સ્નેહીજન સ્ટાફની નજર ચુકવીને અંદર અગરબત્તી લઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે. અચાનક ઓકસીજન માસ્ક પર આગ લાગતા મહિલાનો ચહેરો પણ થોડો દાઝી ગયો છે. થોડો સમય તો અંદર રહેલા તમામ દર્દીના સગાઓ પણ દોડાદોડીથઈ ગઈ હતી. આઈસીયુમાં તમામના જીવ પડીકે બંધાઈ ગયા હતા. પરંતુ સ્ટાફે તાત્કાલીક ઓકસીજન મશીન બંધ કરીને મહિલા દર્દીની ચહેરા પરની આગ પણ બુઝાવી દીધી હતી. હોસ્પિટલ સ્ટાફની સમય સુચકતાને પગલે મોટી દુર્ઘટના આજે ટળી હતી તેમ કહી શકાય. જયારે હોસ્પિટલ તંત્ર મહિલા દર્દીના સ્નેહીજન પર કાયદેસરની કાર્યવાહી કરવા વિચારી રહ્યું છે.

ગટર લાઈનને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીની નિષ્ક્રીયતા વચ્ચે આમ નાગરિકોની ફરિયાદો સાંભળનાર પણ કોઈ રહ્યુ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં ગટર લાઈનને જરૂરી અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સેકટરોમાં તબક્કાવાર ગટરલાઈન અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ હજુ કેટલાક સેકટરોમાં ગટરલાઈનની સુધારણાનુ કામ બાકી છે. જેમાં સૌથી વધુ ફરિયાદો ધરાવતા સેર ૪,૨૫ અને ૨૭ માં ગટરો ઉભરાવાની સમસ્યાઓથી ગળે આવી ગયા છે. ત્યારે તંત્ર દ્વારા આ સેકટરોમાં ગટરની સમસ્યાને ડામવા માટે વિભાગને દરખાસ્ત કરી છે. જેમાં ગટરલાઈનના અપગ્રેડેશન માટે નવી લાઈન નાંખવા માટે રૂ ૧ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવા માટે દરખાસ્ત કરવમાં આવી છે. જો કે હજુ આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. જયારે આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ ગટરલાઈનનુ આગળનુ કામ હાથ ધરાશે.

જાહેર નોટીસ

અરજદારના વિ. વ.શ્રી વી. કે. ભટ્ટ

નડીઆદના મે. એડીશન ડીસ્ટ્રીક્ટ એન્ડ સર્કિ.(સેંઠ) શ્રી એન. જે. અંજારીયા સાહેબની કોર્ટમાં, મુ. નડીઆદ.

એમ.એ.સી.પી. નં. :- ૭૪/૨૦૧૪

અરજદાર :- (૧) મણીભાઈ સામંતભાઈ રાઠોડ, રહે. મુ. પોરડા, ફાગવેલ, તા. કઠલાલ

વિરૂદ્ધ

સામાવાળા :- (૧) ઓમપ્રકાશ ચતુર્થીલાલ, રહે. ૫, અંકીત એપાર્ટમેન્ટ, આંબાવાડી, અમદાવાદ

આંક-૧૦ મુજબ

મુદત તારીખ : ૨૦/૬/૨૦૧૭

આથી તમો ઉપર જણાવેલ સામાવાળા નં.૧ને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તમારી સામે આ ટ્રીબ્યુનલમાં મોટર વ્હીકલ એકટની કલમ-૧૬૬ એ મુજબ તમારા ઉપરોકત અકસ્માત તારીખ ૧૫/૪/૨૦૧૪ના રોજ મોજે પનાજીના મુવાડાના પાટીયા પાસે, કઠલાલ અમદાવાદ રોડ ઉપર અકસ્માત કરી, ગંભીર ઈજાઓ કરી, મૃત્યુ નિપજાવી, તે અકસ્માત વળતરના રૂ. ૨૦,૦૦,૦૦૦/-ની રકમ આ કામના સામાવાળાઓ પાસેથી વળતર તરીકે મેળવવા આ ટ્રીબ્યુનલ સમક્ષ અરજી કરેલ છે. માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, સદર અરજીની મુદત તારીખ : ૨૦/૬/૨૦૧૭ના રોજની રાખેલ છે. જેથી તમોએ સવારના ૧૦/૩૦ વાગે સદરહુ અરજીનાં કામે આ ટ્રીબ્યુનલમાં જાતે અથવા તો તમારા માહિતગાર વકીલશ્રી સાથે અચુક હાજર થવું. તે દિવસે તમારા સઘળા લેખિત પુરાવા જેના ઉપર તમે આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલા દિવસે તમે હાજર નહીં થાઓ તો તમારી ગેરહાજરીમાં અરજી સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજ તારીખ ૧૦મી માહે મે સને ૨૦૧૭ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલનો સીક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી/- (એસ. એ. રોય) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર સહી/- (કે. જે. પંચાલ) સુપ્રીટેન્ડન્ટ

ટ્રીબ્યુનલનો સીક્કો

હુકમથી સહી/- (આર. આઈ. પ્રજાપતિ) I/C ડેપ્યુટી રજીસ્ટ્રાર, એમ.એ.સી.ટી. ધ્રાન્ય, જીલ્લા ન્યાયાલય નડીઆદ (ગુજરાત)